| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૭/૧૨/૨૦૨૦ |
| નોંધણી તારીખ | ૧૭/૧૨/૨૦૨૦ |
| ફેસલ તારીખ | ૨૪/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ –માસ – દિવસ |
| | ૦૫ – ૦૩ –૦૭ |

**સાણંદના મહે. એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**

**તા. સાણંદ, જી. અમદાવાદ(ગ્રામ્ય).**

**[ PRESIDED OVER BY- KANISHA V. PATHAK ]**

**CRIMINAL CASE NO. 426 OF 2020**

**ફોર્મ–'એ'**

| | |
|---|---|
| **ક્રિમીનલ કેસ ક્રમાંક:–** | **426 OF 2020** |
| **આંક:–** | **૩૨** |
| **પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક:–** | ચાંગોદર પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧૧૯૨૦૧૫૨૦૦૦૧૬ |
| **પોલીસ સ્ટેશન:–** | ચાંગોદર |
| **ફરીયાદી:–** | **શ્રી સરકાર** |
| **ફરીયાદ પક્ષે:–** | **વિદવાન એ.પી.પી.શ્રી એન.આર.રાણા** |
| **આરોપી:–** | **હસમુખભાઈ ઉર્ફે કટી અજાભાઈ મકવાણા** |
| **બચાવ પક્ષે** | **વિ.વ.શ્રી એસ.કે.સોલંકી, વિ.વ.શ્રી એમ.કે.મીર** |

<u>ફોર્મ–'બી'</u>

| | |
|---|---|
| ગુન્હાની તારીખ:– | ૧૪/૧/૨૦૨૦ |
| એફ.આઈ.આર.ની તારીખ:– | ૧૪/૧/૨૦૨૦ |
| તહોમતનામુ ઘડયાની તારીખ:– | --------- |
| પુરાવો શરૂ કર્યાની તારીખ:– | ૧૪/૦૭/૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:– | ૦૨/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:– | ૨૪/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો:– | --- |

## –:: આરોપીની વિગત ::–

| આરોપી ક્રમાંક | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત કર્યા તારીખ | આક્ષેપીત ગુન્હા | છોડી મુકેલ છે કે સજા કરેલ છે | કરવામાં આવેલ સજા | ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | હસમુખભાઈ અજાભાઈ મકવાણા | ૨૨/૧/૨૦ | ૨૨/૧/૨૦ | ધી ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮,૩૦૪ (અ) તથા મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ ની કલમ ૧૭૭, ૧૮૪ | શંકા નો લાભ આપી છોડી મુકયા | | – |

## ફોર્મ–'સી'

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષી :

### અ. ફરીયાદપક્ષ

| અનુક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૧ | સાહેદ ફલજીભાઈ જેરામભાઈ બારૈયા ની જુબાની | Hearsay Witness |
| ૨ | ૧૨ | ફરીયાદી સહદેવભાઈ માનસંગભાઈ ગામીની જુબાની | Complainant |
| ૩ | ૧૪ | પંચસાહેદ વિજયભાઈ ઈશ્વરભાઈ મકવાણાની જુબાની | Panch Witness |
| ૪ | ૧૬ | સાહેદ કરમણભાઈ ગંગારામભાઈ મકવાણાની જુબાની | Hearsay Witness |
| ૫ | ૧૭ | સાહેદ લક્ષ્મીબેન હસમુખભાઈ મકવાણાની જુબાની | Injured Witness |
| ૬ | ૧૮ | પંચસાહેદ જગદીશભાઈ કાશીરામ મકવાણાની જુબાની | Panch Witness |
| ૭ | ૨૦ | પંચસાહેદ શૈલેષભાઈ રસીકભાઈ મકવાણાની જુબાની | Panch Witness |
| ૮ | ૨૨ | ત.ક.અ. મયુરદાન ભરતદાન ગઢવીની જુબાની | Investigation Officer |

### બ. બચાવપક્ષના સાહેદો, જો હોય તો:

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | બચાવપક્ષ દવારા પણ કોઈ સાહેદ તપાસેલ નથી | – |

### ક. અદાલતના સાહેદો, જો હોય તો:

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | અદાલત દવારા પણ કોઈ સાહેદ તપાસેલ નથી. | ––– |

## ફરીયાદીપક્ષ/બચાવપક્ષ/અદાલત દ્વારા રજૂ દસ્તાવેજોના આંકની યાદી

### અ. ફરીયાદપક્ષ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૩ | ફરીયાદ |
| ૨ | ૧૫ | ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૩ | ૧૯ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૪ | ૨૩ | ટેલીફોન વર્ધી |
| ૫ | ૨૪ | સુચીપત્ર |
| ૬ | ૨૫ | ડ્રાઈવીંગ લાયસન્સ |
| ૭ | ૨૬ | આર.સી.બુક |
| ૮ | ૨૭ | આર.ટી.ઓ. નો યાંત્રીક તપાસણી રીપોર્ટ |

### બ. બચાવપક્ષ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| - | બચાવપક્ષ દવારા કોઈ પુરાવા નોંધવામા આવેલ નથી. | --- |

### ક. ન્યાયાલય

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | અદાલત દ્વારા કોઈ પુરાવા નોંધવામા આવેલ નથી. | --- |

### ડ. ભૌતિક પદાર્થ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

| | |
|---|---|
| **ગુનો–** | **ભારતીય દંડ સંહીતા ૧૮૬૦ ની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ની કલમ –૧૭૭, ૧૮૪ મુજબ.** |

**–//:: JUDGEMENT ::／/–**

(૧). આ કામના આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની, ૧૮૬૦ ની કલમ: ૨૭૯,૩૩૭,૩૩૮,૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ ની કલમ: ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હો આચરવાનો આક્ષેપ છે.

(૨) સદર કામમાં ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૪/૧/૨૦૨૦ ના કલાક ૧૭:૩૦ વાગે મોજે મટોડા રેલવે ફાટક પાસે પોતાનુ બજાજ પ્લેટીના મોટર સાયકલ નં.જી.જે.૩૮–એબી–૬૫૦૫ નુ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી હીરો એચએફડીલક્ષ મોટર સાયકલ નં. જી.જે. ૦૪–ડી.ડી.–૯૪૩૩ ની સાથે અકસ્માત કરી સાહેદ રવિભાઈ ફલજીભાઈ બારૈયા નાઓને શરીરના અંદરના ભાગે ઈજાઓ પહોચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવેલ હોય તે બાબતની ફરીયાદીએ ફરીયાદ ચાંગોદર પોલીસ સ્ટેશનમાં લખાવતા ચાંગોદર પોલીસ સ્ટે. ગુના રજી.નં. ૧૧૧૯૨૦૧૫૨૦૦૦૧૬ થી ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ (હવે પછીથી ઈ.પી.કો. તરીકે) –૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટ.ની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો નોંધી લઈ ત.ક.અમલદારે ગુનાની તપાસની કાર્યવાહીનાં અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં ઉપરોકત મુજબના ગુનાનું ચાર્જશીટ બનાવીને અત્રેની કોર્ટમાં ઈન્સાફી નિકાલ સારુ રજુ કરવામાં આવેલ છે.

(૩) ત્યાર બાદ આ કામના આરોપીને કોર્ટ દવારા સમન્સ કરતા આરોપી અદાલત સમક્ષ તેમના વકીલશ્રી મારફત હાજર થતા તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે ચાર્જશીટ સહીત પોલીસ કાગળની નકલો આપવામાં આવેલી છે. ત્યારબાદ આ કામે આરોપી સામેનો ગુન્હો સમન્સ ટ્રાયેબલ હોય આરોપીની આંક–૫ થી પ્લી/નિવેદન લેવામાં આવેલ છે આમ, આરોપીએ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ હોય કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે.

## ORAL AND DOCUMENTARY EVIDENCE :

(૪) સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**:: ફરિયાદી તરફે રજૂ મૌખિક પુરાવા ::**

| અ.ન. | વિગત | સાક્ષી નં. | આંક | સાક્ષીનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧. | સાહેદ ફલજીભાઈ જેરામભાઈ બારૈયા ની જુબાની | (PW 1) | ૧૧ | Hearsay Witness |
| ૨. | ફરીયાદી સહદેવભાઈ માનસંગભાઈ ગામીની જુબાની | (PW 2) | ૧૨ | Complainant |
| ૩. | પંચસાહેદ વિજયભાઈ ઈશ્વરભાઈ મકવાણાની જુબાની | (PW 3) | ૧૪ | Panch Witness |
| ૪. | સાહેદ કરમણભાઈ ગંગારામભાઈ મકવાણાની જુબાની | (PW 4) | ૧૬ | Hearsay Witness |
| ૫. | સાહેદ લક્ષ્મીબેન હસમુખભાઈ મકવાણાની જુબાની | (PW 5) | ૧૭ | Hearsay Witness |
| ૬. | પંચસાહેદ જગદીશભાઈ કાશીરામ મકવાણાની જુબાની | (PW 6) | ૧૮ | Panch Witness |

| | | | | |
|---|---|---|---|---|
| ૭. | પંચસાહેદ શૈલેષભાઈ રસીકભાઈ મકવાણાની જુબાની | (PW 7) | ૨૦ | Panch Witness |
| ૮. | ત.ક.અ. મયુરદાન ભરતદાન ગઢવીની જુબાની | (PW 8) | ૨૨ | Investigation Officer |

## :: ફરિયાદી તરફે રજૂ દસ્તાવેજી પુરાવા ::

| અ.ન. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૩ |
| ૨. | ઈન્કવેસ્ટ પંચનામુ | ૧૫ |
| ૩. | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૯ |
| ૪. | ટેલીફોન વર્ધી | ૨૩ |
| ૫. | સુચીપત્ર | ૨૪ |
| ૬. | ડ્રાઈવીંગ લાયસન્સ | ૨૫ |
| ૭. | આર.સી.બુક | ૨૬ |
| ૮. | આર.ટી.ઓ. નો યાંત્રીક તપાસણી રીપોર્ટ | ૨૭ |

**(૫)** ઉપરોકત પુરાવા રજુ થયા બાદ ફરીયાદપક્ષે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેવી મૌખીક રજુઆત કરેલ છે તેમજ વિ.એ.પી.પી.શ્રી દવારા પુરાવા પુરો થયાની મૌખીક રજુઆત કરેલ છે જેથી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ત્યાર બાદ હાલના કામે આરોપી વિરુઘ્ધ પુરતો પુરાવો ઉપલબ્ઘ હોઈ તેઓનુ **સી.આર.પી.સી. કલમ-૩૧૩** મુજબનુ નિવેદન નોંધવામા આવેલ છે.

**(૫.૧).** ત્યાર બાદ બંને પક્ષે દલીલો સાંભળવામા આવેલ છે. સદરહુ કામમા વિ. એ.પી.પી.શ્રી નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, આરોપીએ પુરઝડપે અને ગફલતભરી

રીતે હંકારી સાહેદને ઈજા કરી શરીરના અંદરના ભાગે ગંભીર ઈજાઓ પહોચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવેલ હોય ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ હોય તેમજ કેસમા રજુ થયેલ પુરાવા દયાને લેતા હાલના આરોપીને કાયદાની જોગવાઈઓ મુજબ મહતમ સજા કરવા અરજ કરેલ છે.

**(૫.૨).** આરોપીપક્ષ તર્ફે વિ.વકીલશ્રી નાઓએ દલીલો કરતા જણાવેલ છે કે, હાલના કામે ફરીયાદપક્ષના કેસમા ઘણા વિરોધાભાસ આવતા હોય જેથી ફરીયાદપક્ષના પુરાવાના આધારે આરોપીને દોષીત ઠેરવી શકાય નહી જેથી તેઓએ દલીલો કરતા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**<u>ન્યાયના નિર્ણય માટે પોઈન્ટ ઓફ ડીટરમીનેશન:–</u>**

**(૬)** સદરહું ફરીયાદ હકીકતો ઉપરથી ન્યાયીક અર્થે કેસનાં આખરી નિકાલ સારુ નીચે મુજબ મુદદાઓ ઉપસ્થિત થાય છે

***–//:મુદ્દાઓ : //–***

| | |
|---|---|
| ૧. | ***શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૪/૧/૨૦૨૦ ના કલાક ૧૭:૩૦ વાગે મોજે મટોડા રેલવે ફાટક પાસે પોતાનુ બજાજ પ્લેટીના મોટર સાયકલ નં.જી.જે.૩૮–એબી–૬૫૦૫ નુ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી હીરો એચએફડીલક્ષ મોટર સાયકલ નં.જી.જે.૦૪–ડી.ડી.–૯૪૩૩ ની સાથે અકસ્માત કરી સાહેદ રવિભાઈ ફલજીભાઈ બારૈયા*** |

| | |
|---|---|
| | *નાઓને શરીરના અંદરના ભાગે ઈજાઓ પહોચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી, ઈ.પી.કો. કલમ– ર૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટ.ની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલો છે ?* |
| ર. | *શું હુકમ ?* |

(૭). ઉપરોકત **મુદ્દાઓ** પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**– //FINDINGS//–**

**૧.** નકારમા.

**ર.** આખરી હુકમ મુજબ.

(૮). ઉપરોકત નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે પ્રમાણેના છે.

**–// કા ર ણો// –**

**:: [ ANALYSIS ] ::**

**નિર્ણય માટેના કારણો: મુદા નં.૧ અને ર**

(૯) હાલના કેસમાં આરોપી વિરૂઘ્ધ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની, કલમ–ર૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યના તહોમત અંગે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામા આવી છે. **નામદાર સર્વોચ્ચ અદાલતનાં રબિન્દુ કુમાર ડે વિરુઘ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સા, રીપોર્ટ ડેઈન એ આઈ.આર, ૧૯૭૭ સુપ્રિમ કોર્ટ પાના નંબર ૧૭૦ ઉપર પ્રસિઘ્ધ થયેલ ચુકાદામાં**

પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ " **Three Cardinal Principles of Criminal Jurisprudence are well settled namely:**

**(1) That the onus lies affirmatively on the prosecution to prove his case beyond reasonable doubt and it cannot derive any benefit from weakness or falsity of the defense version while proving its case;**

**(2) That in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and**

**(3) That the onus of the prosecution never shifts.**

આમ, ફોજદારી ધારાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર આરોપીઓ વિરુધ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો રહે છે. આ કામે ઈ.પી.કો.કલમ–૨૭૯ અન્વયેનુ ગુનાહીત કૃત્ય સાબીત કરવા માટે આરોપીએ પોતાના કબજાનુ વાહન માનવ જીવન જોખમમાં મુકાય અથવા હાની, કે વ્યથા થવાનો સંભવ હોય તે રીતે સરીયામ રસ્તા ઉપર ચલાવ્યા હોવાની તથા ઈ.પી.કો.કલમ–૩૩૭ તથા ૩૩૮ મુજબનુ ગુનાહીત કૃત્ય પુરવાર કરવા માટે આરોપીએ મનુષ્યની જીંદગી કે શારીરીક સલામતી જોખમાય તેવી રીતે બેફામપણે અથવા બેદરકારી પૂર્વકના કૃત્યને કારણે વ્યથા અથવા મહાવ્યથા કર્યા હોવાની

તથા ઈ.પી.કો.કલમ–૩૦૪(અ) મુજબનુ ગુનાહીત કૃત્ય પુરવાર કરવા માટે આરોપીએ બેદરકારીથી મૃત્યુ નિપજાવ્યા હોવાની હકીકત પ્રસ્થાપિત કરવાની રહે છે.

**(૧૦)** હાલના કામમાં ઈ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટ. ની કલમ–૧૭૭, ૧૮૪ ની જોગવાઈઓ તથા તે સંદર્ભે રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેતા પહેલા ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ '' **પુરાવાનુ મુલ્યાંકન** '' શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનૂન સમર્પિત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર **ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ – ૩** માં કરવામાં આવેલી સાબિતી અને નાસાબિતીની વ્યાખ્યા પર આધારીત છે.

**(૧૧)** ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલો છે. ફરીયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતાજ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંક પણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ

અપવાદોનો લાભ લેવા માંગતો હોય તો પણ તેમણે **પુરાવાના કાયદાની કલમ–૧૦૫** મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે. આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

**(૧૨)** આ કામે આરોપી સામેના આક્ષેપિત ગુના સંબધી ન્યાયિક નિર્ણય કરતા અગાઉ આરોપી સામે જે ગુનાનો આક્ષેપ છે તે ઈ.પી.કો.કલમ – ૨૭૯, ૩૩૭,૩૩૮, ૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ: ૧૭૭, ૧૮૪ ની વ્યાખ્યા તથા તેના આવશ્યક તત્વો જોઈએ તો તે નીચે મુજબ છે,

• **<u>કલમ–૨૭૯</u> : <u>સરીયામ રસ્તા ઉપર બેકાળજી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત.</u>**

જે કોઈ વ્યકિત, માણસોની જીંદગી જોખમમાં મુકાય અથવા અનય વ્યકિતને વ્યથા કે હાની થવાનો સંભવ હોય તેવી બેફામ રીતે બેદરકારીથી સરીયામ રસ્તા ઉપર વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહીના સુધીની બેમાંથી કોઈ પણ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીનાં દંડની અથવા તે બન્ને શીક્ષા કરવામાં આવશે.

• **<u>કલમ ૩૩૭ અન્યની જીંદગી અથવા શારીરિક સલામતી ભયમાં મુકે તેવા કૃત્યથી વ્યથા પહોંચાડવીઃ</u>**–

કોઇપણ વ્યક્તિ માવન જીંદગી કે અન્યની શારીરિક સલામતી ભયમાં મુકાય તેમ

બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઇ કૃત્ય કરીને કોઇ વ્યક્તિને વ્યથા પહોંચાડે તેને છ માસ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા પાંચ સો રુપિયા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

- **<u>તત્વોઃ–</u>**

૧. આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઇ કૃત્ય કર્યુ.

૨. તેવા કૃત્યના કારણે માનવ જીંદગી અથવા અન્યની શારીરિક સલામતી ભયમાં મુકાઇ.

૩. તેવા કૃત્યના કારણે કોઇ વ્યક્તિને વ્યથા નિપજી.

- **<u>કલમ–૩૩૮. બીજાઓની જીંદગી કે શારીરિક સલામતી જોખમમાં મુકાય એવા કૃત્યથી મહાવ્યથા કરવા બાબત.</u>**

જે કોઈ વ્યકિત, મનુષ્યની જિંદગી કે અન્ય વ્યકિતઓની શારીરિક સલામતી જોખમમાં મુકાય એવી બેફામ રીતે અથવા બેદરકારથી કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતને મહાવ્યથા કરે, તેને બે વર્ષ સુધીની બે માંથી કોઈ એક પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

- **<u>કલમ – ૩૦૪ (અ)</u>**:–

કોઈ પણ (વ્યકિત) સાપરાધ મનુષ્યવધ ન ગણાય તેવુ બેફામપણે કરેલુ

અથવા બેદરકારીભર્યુ કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતનું મૃત્યુ નિપજાવે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**→ જયારે મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ની સબંધીત જોગવાઈઓ નીચે મુજબની છે**

- **કલમ–૧૭૭ : ગુનાઓની શીક્ષા માટેની સામાન્ય જોગવાઈ**

આ અધિનીયમ અથવા તે હેઠળ કરેલ કોઈ નિયમ, વિનીમય અથવા જાહેરનામાની કોઈ જોગવાઈનું ઉલ્લંઘન કરનાર જો તે ગુના માટે કોઈ શીક્ષા ઠરાવી ન હોય તો પ્રથમ ગુના માટે એકસો રૂપીયા સુધીનાં દંડની શીક્ષાને પાત્ર થશે અને બીજા અથવા ત્યાર પછીનાં ગુના માટે ત્રણસો રૂપીયા સુધીનાં દંડની શીક્ષાને પાત્ર થશે.

- **કલમ–૧૮૪ : બેફામ કે જોખમી રીતે વાહન ચલાવવા બાબત.**

વાહન ચલાવવામાં આવતુ હોય તે જગ્યાનાં સ્વરૂપ, સ્થિતી અને ઉપયોગ તથા તે જગામાં તે વખતનાં ખરેખર ટ્રાફીકનાં પ્રમાણ અથવા ત્યાનાં વાજબી રીતે અપેક્ષિત ટ્રાફીકનાં પ્રમાણ સહીત કોઈ કીસ્સાનાં તમામ સંજોગો ધ્યાને લેતા લોકો માટે જોખમી હોય તેવી ઝડપે કે રીતે મોટર વાહન ચલાવનાર પહેલી વખત ગુનો સાબીત થયે છ મહીના સુધીની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીની દંડની શીક્ષાને પાત્ર થશે અને તેવો ગુનો અગાઉ કર્યાનાં ત્રણ વર્ષની અંદર કરેલો ત્યાર પછીનો ગુનો સાબીત થયે બે વર્ષ સુધીની કેદની અથવા બે હજાર રૂપીયા સુધીનાં દંડની અથવા તે બન્ને શીક્ષાને પાત્ર થશે.

**-//<u>પુરાવાઓ</u>//-**

- **<u>ફરીયાદીનો પુરાવો:</u>**

**(૧૩)** ઉપરોકત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી આ કામે રજુ થયેલ પુરાવાઓનું પરીક્ષણ અને મુલ્યાંકન કરીએ તો આ કામે ફરીયાદપક્ષે **<u>ફરીયાદી સહદેવભાઈ માનસંગભાઈ ગામી નાઓને આંક: ૧૨ થી તપાસવામા આવેલ છે.</u>** સદર સાહેદ તેઓની જુબાનીમા જણાવે છે કે, સને ૨૦૨૦ મા તેઓ ઈન્ટાસ ફાર્મા કંપનીમા નોકરી કરતા હતા. તેમનો સાળો રવિભાઈ બારૈયા તેમની સાથે રહેતા હતા. તા.૧૪/૧/૨૦૨૦ ના રોજ તેમની ઉપર વિજયભાઈ મકવાણાનો ફોન આવેલો અને જણાવેલ કે તેમના સાળા રવિભાઈનો મટોડા તળાવ પાસે અકસ્માત થયેલ. તેથી તે તેમને લઈને ડોકટર હાઉસ હોસ્પિટલ સાણંદ લઈ જઈએ છીએ ત્યા આવી જાવ. તેમનો સાળો રવિ સાંજના ૪ થી ૫ કલાકના ગાળામા હોન્ડા ડીલક્ષ નંબર ૯૪૩૩ લઈને વસ્તુ આપવા ગયેલ. તેઓ નવજીવન હોસ્પિટલ ખાતે ગયેલા અને જોયેલ તો તેમના સાળાને છાતીના ભાગમા ઈજા થયેલ. જેઓ બોલતા ચાલતા ન હતા. તેઓ મરણ ગયેલ હતા. તેમના સાળાના બાઈકનો અકસ્માત કોની સાથે થયેલ તે તેઓ જાણતા નથી.સદર બનાવની ફરીયાદ તેઓએ આપેલી.

તેમને ફરીયાદની ઝેરોક્ષ નકલ બતાવવામા આવેલ જેમા તેમની સહી છે જે તેઓ ઓળખે છે. જેને **આંક: ૧૩** આપવામા આવેલ છે.

**(૧૩.૧)** આમ,સદર ફરીયાદી ફરીયાદની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરતા એ હકીકતને સ્વીકારેલ છે કે, તેઓએ તેમની ફરીયાદમા એવી હકીકત લખાવેલી કે બજાજ પ્લેટીના મોટરસાયકલ નંબર જીજે૩૮એબી–૬૫૦૫ ના ચાલકે પોતાનુ મોટરસાયકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી તેમના સાળા રવિભાઈના મોટરસાયકલ સાથે અકસ્માત કરેલ.

**(૧૩.૨)** જયારે સદર ફરીયાદીની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા એ હકીકતને સ્વીકારેલ છે કે,અકસ્માતના બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા અને બનાવ અંગેની જાણ તેમના મકાન માલીકનો ફોન આવેલ હોય તેમને બનાવ અંગેની જાણ થયેલ હતી. એ હકીકતને સ્વીકારેલ છે કે, અકસ્માતનો બનાવ તેઓએ નજરે જોયેલ નથી, બનાવ અંગેની તેમને જાત માહીતી નથી.

**(૧૩.૩)** આમ, સદર સાહેદે બનાવ નજરે જોયેલ નથી તેમજ તેઓને બનાવ અંગે કોઈ જાત માહીતી હોવાનુ પણ જણાતુ નથી.

- <u>**સાહેદોનો પુરાવો:-**</u>

(૧૪) ફરીયાદપક્ષે સદર કામે **<u>સાહેદ ફલજીભાઈ જેરામભાઈ બારૈયા નાઓને આંક: ૧૧ થી તપાસવામા આવેલ છે.</u>** સદર સાહેદ તેઓની જુબાનીમા જણાવે છે કે, તેમને સંતાનમાં ત્રણ દિકરી તથા એક દિકરો નામે રવી હતો. તેમનો દિકરો રવી તથા જમાઈ સહદેવભાઈ બંને ઈન્ટાસ કંપનીમા નોકરી કરતા હતા. ગઈ તા.૧૪/૧/૨૦૨૦ ના રોજ તેઓ ઘરે હતા ત્યારે સાંજના છ વાગે તેમના જમાઈ સહદેવભાઈએ તેમને ફોન કરી જણાવેલ કે તેમના દિકરા રવિભાઈનુ મટોડા રેલવે ફાટક પાસે અકસ્માત થયેલ છે. જેઓને ગંભીર ઈજા થયેલ હોવાથી બેભાન જેવા છે. તેઓને ૧૦૮મા નવજીવન ડોકટર હાઉસ સાણંદ સારવાર માટે લાવેલ હોવાથી તમે જલ્દી આવી જાઓ જેથી તેઓ તથા તેમના સંબધીઓ હોસ્પિટલ ખાતે આવેલ અને આ બનાવ બાબતે સહદેવભાઈએ તેમન જણાવેલ કે તેમનો દિકરો રવિ તેનુ મોટરસાયકલ લઈ સાંજના સાડા પાંચ વાગે મટોડા પાટીયા ચા-નાસ્તો કરવા ગયેલ સામેથી એક બજાજ પ્લેટીનાના ચાલકે તેમના દિકરાના બાઈક સાથે અકસ્માત કરેલ. જે બાઈકના નંબર હાલમા તેમને યાદ નથી. તેમજ બાઈક હસમુખભાઈ ચલાવતા હતા અને તેમના પત્ની પાછળ બેસેલા હતા. સારવાર દરમ્યાન તેમના દિકરા રવિનુ અવસાન થયેલ જેની લાશનુ પી.એમ. કરાવવા સાણંદ સી.એચ.સી લઈ ગયેલ અને ત્યાર

બાદ તેઓને લાશનો કબજો આપેલ. સદર બનાવ બાબતે પોલીસે તેમનુ નિવેદન લીધેલુ.

**(૧૪.૧)** આમ, સદર સાહેદ ફરીયાદની હકીકતોને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરતા એ હકીકતને સ્વીકારેલ છે કે, તેઓએ તેમના નિવેદનમા એવી હકીકત લખાવેલ કે તેમના જમાઈ સહદેવભાઈએ તેમને જણાવેલ કે બજાજ પ્લેટીના મો.સાઈકલ નં. જી.જે. ૩૮–એ.બી. –૬૫૦૫ ના ચાલકે પોતાનુ મોટર સાઈકલ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી તેમના દિકરા રવિના મોટર સાયકલ સાથે અકસ્માત કરેલ.

**(૧૪.૨)** જયારે સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા બનાવ સમયે તેઓ ભાવનગર મુકામે હતા. બનાવની જાણ તેઓને તેમના જમાઈએ ફોનથી કરેલ. એ હકીકતને સ્વીકારેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

**(૧૪.૩)** આમ, સદર સાહેદે બનાવ નજરે જોયેલ નથી તેમજ તેઓને બનાવ અંગે કોઈ જાત માહીતી હોવાનુ પણ જણાતુ નથી.

**(૧૫)** ફરીયાદપક્ષે સદર કામે **<u>સાહેદ કરમણભાઈ ગંગારામભાઈ મકવાણા નાઓને આંક: ૧૬ થી તપાસવામા આવેલ છે.</u>** સદર સાહેદ તેઓની જુબાનીમા જણાવે છે કે, તેઓ મટોડા ગામમા રહે છે. તેઓ બાવળાથી ઘરે આવતા હતા ત્યારે તેમને બે બાઈકો વચ્ચે અકસ્માત થવાનો અવાજ તેઓએ સાંભળેલ હતો. આ અકસ્માત તેમના ગામના

હસમુખભાઈ તથા ભાડેથી રહેતા રવિભાઈને થયેલ. જેમા રવિભાઈને તથા હસમુખભાઈને પણ ઈજાઓ થયેલ હતી. હસમુખભાઈની પાછળ લક્ષ્મીબેન બેઠા હતા જેમને પણ ઈજાઓ થયેલ હતી. જેઓને ૧૦૮ મા દવાખાને લઈ ગયા હતા. આ અકસ્માત કોની બેદરકારીથી થયેલ તે તેઓએ નજરે જોયેલ નહી. બનાવ બાબતે પોલીસે તેમનુ નિવેદન લીધેલુ. આરોપી કોર્ટમા હાજર છે.

**(૧૫.૧)** આમ, સદર સાહેદ ફરીયાદની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરતા તેમા પણ કોઈ મહત્વની અને ફળદાયી હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**(૧૫.૨)** જયારે સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા એ હકીકતને સ્વીકારેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નહી તેથી કોની કસુરથી અકસ્માત થયેલ તે તેઓ કહી શકે નહી.

**(૧૫.૩)** આમ, સદર સાહેદે બનાવ નજરે જોયેલ નથી તેમજ તેઓને બનાવ અંગે કોઈ જાત માહીતી હોવાનુ પણ જણાતુ નથી.

**(૧૬)** ફરીયાદપક્ષે સદર કામે **સાહેદ લક્ષ્મીબેન હસમુખભાઈ મકવાણા નાઓને આંક: ૧૭ થી તપાસવામા આવેલ છે.** સદર સાહેદ તેઓની જુબાનીમા જણાવે છે કે, તેમના પતિ સને ૨૦૨૦ મા લાલ કલરનુ બાઈક વાપરતા હતા. અકસ્માત સમયે તેમની

માતા ત્રિમુર્તિ હોસ્પિટલ ખાતે બીમાર હોવાથી દાખલ હતા. તેથી તેઓ તેમની ખબર કાઢવા ગયેલ હતા. તેઓ રીક્ષામાથી બાવળા થી મટોડા પાટીયા ૪:૪૫ આશરે પહોચેલ અને મટોડા પાટીયાથી તેમના પતિ બાઈક ઉપર લેવા આવેલ હતા. તેઓ તેમના પતિ પાસે બાઈક ઉપર બેસી રેલ્વે ફાટક ક્રોસ કરી બળીયાબાપાના મંદિર નજીક પહોંચેલ ત્યારે તેમના બાઈક સાથે સામાવાળાના બાઈકે અકસ્માત કરેલ. સામાવાળા ચાલકને તેઓ ઓળખતા નથી. અકસ્માત થતા તેમને પડી જવાથી કમરના ભાગે તથા ખભાના ભાગે ઈજા થયેલ અને સામાવાળાને ઈજા થયેલ કે કેમ તેની તેમને ખબર નથી. તેમને બાવળા પારસ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા. બનાવ બાબતે પોલીસે તેમનુ નિવેદન લીધેલુ. તેમના પતિ આજ રોજ કોર્ટમા હાજર છે.

**(૧૬.૧)** જયારે સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા એ હકીકતને સ્વીકારેલ છે કે, બનાવ સમયે સામાવાળાનુ બાઈક રોગ સાઈડમાથી આવેલ, રોડ ઉપર અવર જવર હોવાથી તેમનુ બાઈક સામાન્ય ગતિમા જતુ હતુ, સદર બનાવ સામાવાળા ચાલકની બેદરકારીથી બનેલો.

**(૧૬.૨)** આમ,સદર સાહેદ તેઓના બાઈક સાથે સામાવાળાના બાઈકે અકસ્માત કરેલાનુ જણાવેલ છે પરંતુ હાલના અકસ્માતનો બનાવ હાલના આરોપીની જ રેશ એન્ડ નેગ્લીજન્સી થી થયો તે સાબીત થતુ નથી. વધુમા તેઓ તેઓની ઉલટ તપાસમા

જણાવે છે કે બનાવ  સમયે સામાવાળાનુ બાઈક રોંગ સાઈડ માંથી આવેલ તેમજ રોડ ઉપર અવર–જવર હોવાથી તેઓનુ બાઈક સામાન્ય ગતિમા જતુ હતુ.

(૧૬.૩) આમ, અકસ્માત થયેલાનુ પણ માનવામા આવે તો તેનાથી હાલના આરોપીની ચોકકસ ભૂમિકા, બેદરકારી અને ગફલતભર્યુ ડ્રાઈવીંગ નિ:શંકપણે સાબીત થતુ નથી.

- **<u>પંચસાહેદોનો પુરાવો:–</u>**

(૧૭) ફરીયાદપક્ષે સદર કામે **<u>પંચસાહેદ વિજયભાઈ ઈશ્વરભાઈ મકવાણાનાઓને આંક: ૧૪ થી તપાસવામા આવેલ છે.</u>** તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,સને ૨૦૨૦ મા તેઓએ મટોડા ખાતેનુ તેમનુ બીજુ મકાન સહદેવભાઈ માનસંગભાઈ ગામીને ભાડે આપેલ હતુ. જેમા તેઓ તેમના પત્ની તથા સાળા સાથે રહેતા હતા. ઉતરાયણના દિવસે તેઓ તથા રવિ બંને તેમના ખેતરે ગયેલ. રવિભાઈને ફોન આવતા તેઓ ખેતરેથી નીકળી ગયેલ. તેમના કાકા કરમણભાઈનો તેમના ઉપર ફોન આવેલ અને જણાવેલ કે રવિભાઈને બળીયાદેવના મંદિર પાસે અકસ્માત થયેલ છે. બનાવવાળી જગ્યાએ ગયેલ ત્યા કોઈ હાજર ન હતા. અડધો કિલોમીટર આગળ એમ્બ્યુલન્સમા રવિભાઈને લઈ જતા હતા જેમા તેઓ તેમની સાથે બેસેલ. રવિભાઈને નવજીવન હોસ્પિટલ સાણંદ ખાતે લઈ ગયેલ જેઓ

એમ્બ્યુલન્સમા જીવતા હતા.આ અકસ્માત બે બાઈકો ભટકાવવાથી થયેલ હોવાનુ તેમને જાણવા મળેલ. પાછળથી તેમને જાણવા મળેલ કે અકસ્માત કરનાર બાઈક હસમુખભાઈનુ હતુ જેઓ આજ કોર્ટમા હાજર છે. બનાવ સમયે લક્ષ્મીબેન તેમના બાઈકની પાછળ બેસેલ હતા. આરોપી તથા લક્ષ્મીબેનને સારવાર કરવા સારુ દવાખાને લઈ ગયેલાનુ તેમને જાણવા મળેલ. જેઓના બાઈકનો નંબર તેઓએ જાણેલ નહી. રવિભાઈના છાતીના તથા માથાના ભાગે ઈજાઓ થયેલી. જેઓને દવાખાનામા મરણ જાહેર કરી જે બનાવ બાબતે પોલીસે તેમનુ નિવેદન લીધેલુ. તેમને પંચનામાની ઝેરોક્ષ નકલ બતાવવામા આવેલ છે. જેમા પંચ નં.ર તરીકે તેમની સહી છે. જે તેઓ ઓળખે છે. જે પંચનામુ રવિભાઈના લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ હતુ જેને **આંક: ૧૫** આપવામા આવેલ છે.

**(૧૭.૧)** આમ, સદર પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરતા એ હકીકતને સ્વીકારેલ છે કે,તેઓએ જાણેલ કે રવિભાઈ તેમનુ મોટરસાયકલ હીરો ડીલક્ષ લઈને મટોડા પાટીયા ચા નાસ્તો કરવા નીકળેલ અને મટોડા ફાટક નજીક તેમના ગામના હસમુખભાઈ તથા તેમની પત્ની લક્ષ્મીબેન સામેથી તેમનુ મોટર સાયકલ બજાજ પ્લેટીના નંબર જીજે૩૮એબી–૬૫૦૫ લઈને આવતા હતા. હસમુખભાઈએ પોતાનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રવિભાઈના મોટરસાયકલ સાથે અકસ્માત કરેલ.

**(૧૭.૨)** જયારે સદર પંચસાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા એ હકીકતને સ્વીકારેલ છે કે,અકસ્માતના બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા અને બનાવ અંગેની જાણ તેમને ફોનથી થયેલ હતી. એ હકીકતને સ્વીકારેલ છે કે, અકસ્માતનો બનાવ તેઓએ નજરે જોયેલ નથી, બનાવ અંગે તેમને જાત માહીતી નથી.

**(૧૮)** ફરીયાદપક્ષે સદર કામે **<u>પંચસાહેદ જગદીશભાઈ કાશીરામભાઈ મકવાણા નાઓને આંક: ૧૮ થી તપાસવામા આવેલ છે.</u>** તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,ગઈ તા.૧૫/૧/૨૦૨૦ ના રોજ પોલીસે તેમની પાસે એક તૈયાર પંચનામામા સહી કરાવેલ. પંચનામા તેઓએ વાંચેલ નહી કે તેમને વાંચી સંભળાવેલ નહી. તેમની હાજરીમા કોઈએ કોઈ જગ્યા બતાવેલ નહી. તેમને પંચનામાની ઝેરોક્ષ નકલ બતાવવામા આવેલ છે. તેમા પંચ નં.ર તરીકે તેમની સહી છે. જે તેઓ ઓળખે છે. જેને **આંક: ૧૯** આપવામા આવેલ છે.

**(૧૮.૧)** આમ, સદર પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરતા તેમા પણ કોઈ મહત્વની અને ફળદાયી હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**(૧૮.૨)** જયારે સદર પંચસાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા

એ હકીકતને સ્વીકારેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામા સહી કરેલ તે સિવાય તેઓ કશુ જાણતા નથી.

**(૧૯)** ફરીયાદપક્ષે સદર કામે **પંચસાહેદ શૈલેષભાઈ રસીકભાઈ મકવાણા નાઓને આંક: ૨૦ થી તપાસવામા આવેલ છે.** તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, ગઈ તા. ૧૫/૧/૨૦૨૦ ના રોજ પોલીસે તેમની પાસે એક તૈયાર પંચનામામા સહી કરાવેલી. પંચનામુ તેમને સંભળાવેલ નહી તથા તેમને વંચાવેલ ન હતુ. તેમને **આંક: ૧૯** વાળુ પંચનામુ બતાવવામા આવેલ જેમા પંચ ૧ તરીકે તેમની સહી છે.

**(૧૯.૧)** આમ, સદર પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરતા તેમા પણ કોઈ મહત્વની અને ફળદાયી હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**(૧૯.૨)** જયારે સદર પંચસાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા એ હકીકતને સ્વીકારેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામા સહી કરેલ તે સિવાય કશુ જાણતા નથી.

- **ત.ક.અમલદારનો પુરાવો:–**

**(૨૦)** ફરીયાદપક્ષે સદર કામે **ત.ક.અ.મયુરદાન ભરતદાન ગઢવી નાઓને આંક: ૨૨**

**<u>થી તપાસવામા આવેલ છે.</u>** તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,સને ૨૦૨૦ મા તેઓ ચાં ગોદર પો.સ્ટે.ખાતે એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તા.૧૪/૧/૨૦૨૦ ના રોજ ફરીયાદી નાઓએ ફરીયાદ આપેલ. સબબ કામે તા.૧૪/૧/૨૦૨૦ ના રોજ ટેલીફોન વર્ધીના આધારે નવજીવન હોસ્પીટલ સાણંદ ખાતે ગયેલ જ્યા તેમની રૂબરૂ ફરીયાદ લેવામા આવેલી. જે ટેલીફોન વર્ધીને **આંક: ૨૩** આપવામા આવેલ છે.સદર કામે ચાંગોદર પો.સ્ટે. ખાતે ગુ.ર.નં.૧૬/૨૦૨૦ મુજબનો ગુન્હો પી.એસ.ઓ. રમેશભાઈ વાણીયા નાઓ રજીસ્ટર્ડ કરી આગળની વધુ તપાસ તેઓને સોપેલ. જે સુચીપત્રને **આંક: ૨૪** આપવામા આવેલ છે. સદર કામે તેઓએ તપાસ સંભાળી લઈને તા.૧૪/૧/૨૦૨૦ ના રોજ મરણજનારની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ પંચોને સાથે રાખીને કરેલ જેમા તેમની તથા પંચોની સહી છે. જે **આંક: ૧૫** થી રજુ છે. તા.૧૫/૧/૨૦૨૦ ના રોજ ગુન્હાવાળી જગ્યા વિજયભાઈ ઈશ્વરભાઈ મકવાણા નાઓએ બતાવેલ જે પંચનામુ પંચોને સાથે રાખી કરેલ. ગુન્હાવાળી જગ્યા ઉપર બંને મોટરસાયકલ અકસ્માતમા નુકસાન થયેલ હાલતમા મળી આવેલ. જે પંચનામુ **આંક: ૧૯** થી રજુ છે. સદર કામમાં તેઓએ સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખેલ તેમજ મરણ જનાર રવિભાઈ બારૈયા આરોપી હસમુખભાઈ મકવાણા તથા તેમના પત્ની લક્ષ્મીબેન મકવાણા નાઓના સારવાર સર્ટી મેળવી ચાર્જશીટ સાથે રજુ કરેલ છે. બનાવમા આરોપી તથા તેમના પત્ની લક્ષ્મીબેનને પણ ઈજા થયેલ

હોવાનુ તપાસમા જાણવા મળેલ હતુ. મરણ જનારની લાશનુ પી.એમ. સી.એસ.સી. સાણંદ ખાતે કરાવી તેની પી.એમ.નોટ મેળવી ચાર્જશીટ સાથે રજુ કરેલ છે. તેઓ આરોપીના ડ્રાઈવીંગ લાયસન્સ તથા આર.સી.બુકની ઝેરોક્ષ નકલ રજુ કરેલ જેને **આંક: ૨૫** તથા **૨૬** આપવામા આવેલ. આર.ટી.ઓ. બાવળા ખાતે અકસ્માત કરનાર બાઈક નંબર જી.જે.૩૮–એ.બી.–૬૫૦૫ બજાજ પ્લેટીનાની યાંત્રીક ચકાસણી તા.૨૦/૧/૨૦૨૦ ના રોજ કરાવેલ જેનો રીપોર્ટ મેળવેલ જેને **આંક: ૨૭** આપવામા આવેલ છે. આરોપીની ધરપકડ તેઓએ કરેલ હતી. આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા જણાય આવતા નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ.

**(૨૦.૧)** જયારે સદર ત.ક.અ.ની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરતા એ હકીકતને ઈન્કારેલ છે કે, તેઓએ પંચોના રૂબરૂ પંચનામુ કરેલ નથી, તેઓએ સાહેદોના નિવેદનો જાતે લખેલ છે, પુરતો પુરાવો ન હોવા છતા નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ.

**(૨૦.૨)** આમ, સદર પોલીસ સાહેદે તેઓના ફરજના ભાગરૂપી કાર્યવાહી કરેલ છે પરંતુ તેઓ પોલીસ સાહેદ છે જેથી સ્વાભાવીક છે કે તેઓ ફરીયાદપક્ષને સમર્થન કરે.

**(૨૧)** અગાઉ ચર્ચા કરવામા આવેલ છે તે મુજબ **હમીદુલ્લા બીસ્મીલ્લાખાન નવાબ વિરુધ્ધ ગુજરાત રાજય ૧૯૮૮(૧) –જી.એલ.આર. પાના નં. ૩૭૫** થી પ્રસિધ્ધ

થયેલ ચુકાદો દયાને લેતા તપાસ કરનાર અમલદારને મળેલ માહીતી કે જ્ઞાન તેમનુ અંગત જ્ઞાન માની શકાય નહી તેમજ તેને આરોપી વિરુધ્ધના પુરાવા માટે દયાને લઈ શકાય નહી. આમ, તપાસ અધિકારીના પુરાવાને આધારે પણ આરોપીઓને આક્ષેપીત ગુના સાથે સાંકળી શકાય તેમ નહિ હોવાનુ ફલીત થાય છે. વધુમા **આંક: ૨૨** થી તપાસ કરનાર અમલદાર મયુરદાન ભરતદાન ગઢવી નાઓને સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેઓની જુબાની જોવામા આવે તો, તેઓએ ફરજના ભાગરૂપે કરેલ કામગીરીની જુબાની આપેલ છે. જયા સુધી તપાસ કરનાર અમલદારનાં પુરાવાને લાગે વળગે છે ત્યાં સુધી એ કહેવાની જરૂર નથી કે તપાસ કરનાર અમલદારને કયારેય ગુનાનુ અંગત જ્ઞાન હોતુ નથી.

**(૨૧.૧)** વધુમાં **નામ.ગુજરાત હાઈકોર્ટે આ અંગે હમીદુલ્લા બીસ્મીલ્લાખાન નવાબ વિરુધ્ધ ગુજરાત રાજય ના કિસ્સામાં આપેલ ચુકાદો કે જે ૧૯૮૮(૧) –જી.એલ.આર. પાના નં. ૩૭૫ થી પ્રસિધ્ધ થયેલ છે, તેમા પ્રસ્થાપિત કરેલ છે કે,** બનાવ વિશે તપાસ કરનાર અમલદારને મળેલ માહિતી કે જ્ઞાન તેમનુ અંગત જ્ઞાન માની શકાય નહી તેમજ તેને આરોપી વિરુધ્ધના પુરાવા માટે દયાને લઈ શકાય નહી. આમ, આ કામના તપાસ અધિકારીનો પુરાવો પણ ફરીયાદપક્ષને મદદરૂપ નહી હોવાનુ જણાઈ આવે છે.

(૨૨) વધુમાં આ બાબતમાં **<u>નામદાર ઓરિસ્સા વડી અદાલતે ''બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' ૧૯૯૪ ક્રિમી.લો.જ. પેજ નં.૩૮૯</u>** માં એમ ઠરાવેલ છે કે,

***(A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness of error of judgment, not sufficient - Accident resulting in death ailure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.***

વધુમાં તે ચૂકાદાના પેરા ૫ માં એમ ઠરાવેલ છે કે

***Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and***

***negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are : (i) Rash and negligent driving or riding on a public way.(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.***

(२३) The Court here refers to **S.N.Hussain v. State of Andhra Pradesh (AIR 1972 SC 685)** in which the Hon'ble Supreme Court defined culpable negligence as ' the failure to exercise reasonable and proper care and precaution to guard against injury'. **The Hon'ble Supreme Court and various Hon'ble High Courts have held that mere occurrence of an accident does not presume rashness or negligence. Thus, an error of judgement or a mere lack of care is not sufficient for a criminal conviction, there must be a gross and culpable neglect of duty.**

(૨૪) <u>**આમ, સદર કામે રજુ થયેલ ફરીયાદપક્ષના તમામ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો ઈ.પી.કો.કલમ–૨૭૯ અન્વયેની મહત્વની શરત એવી છે કે**</u> આરોપીએ બેદરકારી પુર્વક અને બેફામપણે અન્યને ઈજા થાય કે માનવ જીવન ભયમાં મુકાય તે રીતે જાહેર રસ્તા ઉપર વાહન ચલાવ્યુ હશે તે બાબત ફરીયાદપક્ષે સાહેદ ફલજીભાઈ જેરામભાઈ બારૈયા નાઓને **આંક: ૧૧** થી તપાસવામા આવેલ છે. સદર સાહેદની જુબાની દયાને લેવામા આવે તો અકસ્માતની જાણ તેઓને તેમના જમાઈ સહદેવભાઈએ ફોન કરી જણાવેલ જેથી તેઓ તેમના સબંધીઓ સાથે હોસ્પિટલ ખાતે આવેલાનુ જણાવેલ છે. તેમના જમાઈ સહદેવભાઈએ તેમને જણાવેલ કે તેમના દિકરા રવિનુ સામેથી એક બજાજ પ્લેટીનાના ચાલકે બાઈક સાથે અકસ્માત કરેલ જે બાઈકના નંબર તેઓને હાલમા યાદ નથી. સદર સાહેદ બનાવ સમયે ભાવનગર મુકામે હતા. બનાવની જાણ ફોનથી થયેલ બનાવ તેઓએ નજરે જોયેલ નથી જેથી સદર બનાવ આરોપીની બેદરકારીથી બનેલ છે કે કેમ? તે અંગે શંકા ઉપસ્થિત થાય છે. વધુમા સદર કામે ફરીયાદી સહદેવભાઈ માનસંગભાઈ ગામી નાઓને **આંક: ૧૨** થી તપાસવામા આવેલ છે. સદર ફરીયાદીની જુબાની દયાને લેવામા આવે તો તેઓ ઈન્ટાસ ફાર્મા કંપનીમા નોકરી કરતા હતા અને તેમના સાળા રવિભાઈ સાથે રહેતા હતા. તા.૧૪/૧/૨૦૨૦ ના રોજ તેમના ઉપર વિજયભાઈ મકવાણા નાઓનો ફોન આવેલ જેઓએ અકસ્માતના બનાવ અંગેની જાણ

કરેલી જેથી તેઓ હોસ્પિટલ ગયેલા. તેમના સાળાના બાઈકનો અકસ્માત કોની સાથે થયેલ તે તેઓ જાણતા નથી. અકસ્માતના બનાવ સમયે તેઓ ઘરે હતા બનાવ અંગેની જાણ તેમના મકાન માલીકનો ફોન આવેલ હોય જેથી જાણ થયેલ. તેમજ અકસ્માતનો બનાવ તેઓએ નજરે જોયેલ નથી કે બનાવ અંગે કોઈ જાત માહીતી તેમને ન હોવાનુ જણાવેલ છે જેથી સદર બનાવ આરોપીની બેદરકારીથી બનેલ છે કે કેમ ?તે અંગે શંકા ઉપસ્થિત થાય છે. વધુમાં સદર ફરીયાદી તેમની ફરીયાદની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ હોય જેથી તેઓની જુબાની પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહી.

**(૨૫)** વધુમા સદર કામે સાહેદ કરમણભાઈ ગંગારામભાઈ મકવાણા નાઓને **આંક: ૧૬** થી તપાસવામા આવેલ છે. સદર સાહેદની જુબાની દયાને લેવામા આવે તો તેઓ બાવળાથી ઘરે આવતા હતા ત્યારે બે બાઈકો વચ્ચે અકસ્માત થવાનો અવાજ તેઓએ સાંભળેલ હતો. અકસ્માત કોની બેદરકારીથી થયેલ તે તેઓએ નજરે જોયેલ નથી તેમજ કોની કસુરથી અકસ્માત થયેલ તે તેઓ કહી શકે નહી. સદર સાહેદ ફરીયાદની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ હોય તેઓની સોગંદ પરની જુબાની પર આધાર રાખી શકાય નહી.વધુમા સદર કામે સાહેદ લક્ષ્મીબેન હસમુખભાઈ મકવાણા કે જેઓ આરોપીના પત્ની થાય છે. જેઓને

**આંક: ૧૭** થી તપાસવામા આવેલ છે. સદર સાહેદની જુબાની દયાને લેવામા આવે તો તેમના માતા ત્રિમુર્તિ હોસ્પિટલ ખાતે બીમાર હોવાથી દાખલ હતા તેથી તેઓ ખબર કાઢવા જતા હતા તે સમયે સામાવાળાના બાઈકે અકસ્માત કરેલ. સામાવાળાના ચાલકને તેઓ ઓળખતા નથી. બનાવ સમયે સામાવાળાનુ બાઈક રોંગ સાઈડમાથી આવેલાનુ જણાવેલ છે. રોડ ઉપર અવરજવર હોવાથી તેમનુ બાઈક સામાન્ય ગતિમા જતુ હોવાનુ જણાવેલ છે તેમજ સદર બનાવ સામાવાળા ચાલકની બેદરકારીથી બનેલાનુ જણાવેલ છે. વધુમા તેઓની જુબાનીથી પણ હાલના આરોપીની જ રેશ એન્ડ નેગ્લીજન્સી થી હાલનો બનાવ બનેલ હોય તેવુ સાબીત થતુ નથી.આમ તેઓએ પણ ફરીયાદપક્ષને સમર્થનકારક પુરાવો આપેલનથી.

**(૨૬)** વધુમા સદર કામે ત.ક.અમલદાર મયુરદાન ભરતદાન ગઢવીનાઓને **આંક: ૨૨** થી તપાસવામા આવેલ છે. સદર ત.ક.અ.ની જુબાની દયાને લેવામા આવે તો તેઓએ તેમની ફરજના ભાગ રૂપે તપાસ કર્યા અંગેની હકીકત તેમની જુબાનીમા જણાવેલ છે. પરંતુ ત.ક.અ.નાઓની જુબાની પરથી પણ કોઈ મહત્વની અને ફળદાયી હકીકત રેકર્ડ પર આવેલ નથી. સદર ત.ક.અમલદારે પણ તેઓના ફરજના ભાગ રૂપે કાર્યવાહી કરેલ છે અને તેઓ પોલીસ સાહેદ છે જેથી સ્વાભાવીક છે કે તેઓ ફરીયાદપક્ષને સમર્થન કરે.

પરંતુ તેઓની જુબાનીને પણ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી કોઈ સમર્થન મળેલ નથી. આમ માત્ર સદર સાહેદની જુબાનીના આધારે પણ આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહી.

(૨૭) વધુમા **આંક: ૧૫** થી ઈન્કવેસ્ટ પંચનામુ રજુ થયેલ છે. સદર પંચનામાના પંચસાહેદ વિજયભાઈ ઈશ્વરભાઈ મકવાણાનાઓને **આંક: ૧૪** થી તપાસવામા આવેલ છે. સદર **આંક:૧૫** ના પંચનામાની હકીકત દયાને લેવામા આવે તો અકસ્માતમા રવિભાઈનુ મરણ થયેલ છે અને તેની લાશનુ વર્ણન પંચનામામા કરેલ છે બીજી કોઈ વિશેષ હકીકત રેકર્ડ પર આવેલ નથી. વધુમા સદર કામે **આંક: ૧૯** થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ રજુ થયેલ છે. સદર પંચનામાના પંચ જગદીશભાઈ નાઓને **આંક: ૧૮** તેમજ પંચ શૈલેષભાઈ નાઓને **આંક: ૨૦** થી તપાસવામા આવેલ છે. સદર **આંક:૧૯**ના પંચનામની હકીકત દયાને લેવામા તો બનાવવાળી જગ્યા રેકર્ડ પર આવેલ છે. વધુમા સદર કામે બચાવપક્ષ દવારા પી.એમ.નોટ એડમીટ કરેલ છે જેને દયાને લેવામા આવે તો રવિભાઈનુ મોત નિપજેલાનુ માની શકાય પરંતુ હાલના જ આરોપીની બેદરકારીથી મોત નિપજેલાનુ માની શકાય નહી. વધુમા સદર કામે **આંક: ૨૭** થી આર.ટી.ઓ.નો યાંત્રીક તપાસણી રીપોર્ટ રજુ થયેલ છે. જેને દયાને લેવામા આવે તો અકસ્માત કરનાર બાઈકને થયેલ નુકસાન વિશે જણાવેલ છે. આમ, સદર કામે ફરીયાદી તથા અન્ય સાહેદોએ બનાવ નજરે જોયેલ

નથી તેમજ આરોપીની ઓળખ તેમજ બેદરકારી નિ:શંકપણે પુરવાર થતી નથી તેમજ પંચો તથા સ્વતંત્ર સાહેદોના પુરાવાથી પણ ફરીયાદપક્ષને સમર્થન મળેલ નથી.

(૨૮) આમ, ફરીયાદપક્ષ હાલના બનાવ માટે આરોપી જવાબદાર છે, આરોપીની ગુનાહિત બેદરકારીના કારણે હાલનો બનાવ બનેલ છે તે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય તેમજ સદર બનાવ આરોપીની બેફિકરાઈ, બેદરકારી અને ગફલતથી વાહન ચલાવેલ હોય તેવું પુરવાર થતું નથી. આમ આ કામે પુરતાં પુરાવાનો અભાવ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે અને પુરતા પુરાવાનો અભાવ હોય ત્યારે તે સંજોગોમાં આરોપીને સજા કરી શકાય નહી તેમજ અકસ્માતના ગુન્હાના આવશ્યક તત્વો પુરવાર થતા નથી તેથી આરોપી પોતાનું વાહન બેફીકરાઈથી, ગફલતભરી રીતે તેમજ પુરઝડપે ચલાવતા હતાં તે હકીકત નિ:શંકપણે પુરવાર થયેલ નથી. અને આરોપીની રેશ એન્ડ નેગ્લીજન્સી નિ:શંકપણે સાબીત થયેલ નથી.

(૨૯) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે **''કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ'' જે એ.આઈ.આર. ૨૦૧૨, એસ.સી. પાન નંબર–૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૨૮**માં એમ ઠરાવેલ છે કે,

*“It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."*

(૩૦) આમ ઉપરોક્ત રજૂ થયેલા સમગ્ર પૂરાવા લક્ષમાં લેતા ફરિયાદ પક્ષના કેસમાં મૌખિક તેમજ દસ્તાવેજી પૂરાવામાં શંકા ઉપસ્થિત થાય છે અને ફોજદારી કાર્યવાહીમાં શંકાનો લાભ હંમેશા આરોપીને મળવો જોઈએ તેવો કાયદાનો

પ્રસ્થાપિત સિદ્ધાંત છે. The burden of proof in criminal law should be beyond all reasonable doubt. The Hon'ble Supreme Court in **Kali Ram v. State Of Himachal Pradesh reported in AIR 1973 SC 2773,** held as under :–

> ***"25. Another golden thread which runs through the web of the administration of justice in criminal cases is that if two views a possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which favourable to the accused should be adopted. This principle has special relevance in cases wherein the guilt of the accused is sought be established by circumstantial evidence. Rule has accordingly been laid down that unless the evidence adduced in the case is consistent only with the hypothesis of the guilt of the accused and is inconsistent finding of guilt of the accused. It is also an accepted rule that in case the court entertains reasonable doubt regarding the guilt of the accused, the accused must have the benefit of that doubt."***

(૩૧) આમ, રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા આરોપી સામે ઈ.પી.કો. કલમ–૨૭૯,૩૩૭,૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી. એકટ. ની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. ફોજદારી ન્યાય પ્રણાલીનો મુળભુત સિધ્ધાંત એવો છે કે, ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો હોય છે અને તેનો સંપુર્ણ બોજો ફરીયાદપક્ષ પર જ હોય છે અને આ કામે ફરીયાદી તથા સાહેદોની જુબાની દયાને લેતા જયારે આરોપીની બેદરકારીથી બનાવ બનેલ હોવા અંગે શંકા ઉપસ્થિત થતી હોય તેથી કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, જો કોઈ ગુનો કર્યા અંગે શંકા ઉપસ્થિત થતી હોય તો તેવા કિસ્સાઓમા આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહી તેથી આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત થતો ન હોય **મુદ્દા.નં.૧** નો નિર્ણય નકારમાં આપી **મુદ્દા નં.૨** અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –//**:: FINAL ORDER ::**//–

૧) આ કામના આરોપી **હસમુખભાઈ ઉર્ફે કટી અજાભાઈ મકવાણા** નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ– ૨૫૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૨૭૯,૩૩૭,૩૩૮, ૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટ

૧૯૮૮, ની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબના ગુના સબબ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામના આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ ૪૩૭–એ ની જોગવાઈને આધિન આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**સદર ચુકાદો આજ રોજ તારીખ ૨૪ મી, માહે: માર્ચ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી ,સંભળાવી જાહેર કરવામાં આવે છે.**

**તારીખ:** ૨૪/૦૩/૨૦૨૬

**સ્થળ:** સાણંદ

**( Kanisha V. Pathak )**

Add.Judicial Magistrate First Class

Sanand at Ahmedabad(Rural)

**[JUDGE CODE NO.-GJ−01643]**